**સે.૨૨માં ટેલીફોન સેવાને માઠી અસર**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હે... રણછોડરાય... સાતમ આઠમના જુગારમાં જો હું દસ હજાર જીતીશ તો... પ્રભુ આવતી આઠમ સુધી પીવાનું છોડી દઈશ...**

# મેઘરાજાની શહેરમાં પુનઃ પધરામણી

## એક સપ્તાહ બાદ ફરી આકાશ વાદળોથી ઘેરાયું : દિવસ દરમિયાન ૯ મી.મી. વરસાદ પડ્યો

ગાંધીનગર, તા. ૨૦

વરસાદી વાતાવરણે પુનઃ ગાંધીનગરમાં અડ્ડો જમાવી દીધો છે. આજ સવારથી જ આકાશમાં ઘેરાયેલા વાદળો આખી બપોર ધીમીધારે વરસતા રહ્યા હતા. આજે સાંજે ૫ વાગ્યા સુધી શહેરમાં ૯ મી.મી. વરસાદ નોંધાયો હતો.

શ્રાવણ માસના પ્રારંભે લગભગ એક અઠવાડિયા સુધી શહેરમાં સારો કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. ત્યારબાદ છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ બંધ થઈ ગયો હતો. ત્યારે આજે આકાશમાં વાદળો ઘેરાયા હતા. સવારથી જ ધીમી ધારે વરસાદ ચાલુ થઈ ગયો હતો. બપોરે સારો એવો વરસાદ પડ્યો હતો. માર્ગો પર વરસાદી પાણી વહેવા લાગ્યા હતા. વાતાવરણમાં સારી એવી ઠંડક છવાઈ ગઈ હતી. સમગ્ર દિવસ દરમ્યાન શહેરમાં ૯ મી.મી. વરસાદ પડ્યો હતો.



ગાંધીનગર ઉપરાંત રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં પણ હવામાન પલટાયું હતું અને ક્યાંક સામાન્ય તો ક્યાંક ભારે વરસાદ થયો હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાએ પુનઃ એન્ટ્રી કરતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે. વરસાદ થતાં ઉભા પાકને જીવતદાન મળી જવા પામ્યુ છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લો પ્રેશર સીસ્ટમ ઉભી થતાં આગામી ૪૮ કલાક દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## પત્રકાર તુષાર બારોટના મોટાભાઈ વિપુલ બારોટનું અકાળે અવસાન

ગાંધીનગર, તા. ૨૦

હાલ સે. ૬-એમાં રહેતાં રમણલાલ ડાહ્યાભાઈ બારોટ (કોબાવાળા)ના પુત્ર અને તુષાર



બારોટ (ગુજરાત સમાચાર)ના મોટાભાઈ વિપુલકુમાર બારોટનું તા. ૧૮મીને ગુરૂવારે અકાળે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૨મી ઓગષ્ટને સોમવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, પોલીસ સ્ટેશન સામે, સે. ૭ ખાતે રાખવામાં આવ્યું છે. યુવા અગ્રણી વિપુલ બારોટના દુઃખદ અવસાનથી પત્રકાર મિત્રો તેમજ વકીલ આલમમાં પણ શોકની લાગણી વ્યાપી છે. શાલીન, નિકાલસ સ્વભાવ ધરાવતા સ્વ. વિપુલની અણધારી વિદાયથી રમણભાઈના પરિવારજનો આઘાતની લાગણી સાથે ઘેરા શોકમાં ગરકાય થઈ ગયા છે. કોબાના ગ્રામજનો તેમજ સેક્ટરવાસીઓએ પણ દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

## સે-૨૮ પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગરના ગૂંજ ફાઉન્ડેશન દ્વારા વધુ એક સરકારી પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સે-૨૮ની સરકારી પ્રાથમિક શાળા ભાગ-૧ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં જાણીતા સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ શાળામાં સારુ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને ચોપડા પેનની કીટથી સન્માનવામાં આવશે તેવું વચન આપ્યું હતું.

આજના વ્યસન મુકિત કાર્યક્રમમાં બાળકોને વ્યસનથી થતા નુકશાન તથા ગંભીર રોગો જેવા કે કેન્સર, ટીબી વગેરે અંગે વાકેફ કરાયા હતા.

## નભોઈ કેનાલમાં બે યુવાનો ડુબ્યા હોવાની આશંકા

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ પર આવેલા નભોઈ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં બે યુવાનો ડુબ્યા હોવાની આશંકાને આધારે ફાયરબ્રિગેડની ટીમ ગઈ સાંજથી શોધખોળ કરી રહી છે. કેનાલ બહારથી જીજે ૨ સીબી ૩૬૦૯ નંબરનું એકટીવા મળી આવ્યું હતું. આ એકટીવા મહેસાણાના એક યુવાનનું છે તે યુવાન તેના મિત્ર સાથે બે દિવસથી ગુમ છે. પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ દ્વારા ગઈ સાંજે અને આજે બપોરે પણ કેનાલના પાણીમાં શોધખોળ આરંભી હતી જો કે હજુ સુધી કોઈ સગડ મળ્યા નથી.

# ડહોળાશને ડામવા પાણીના સપ્લાયમાં ૨૫ ટકાનો કાપ

## સેકટરોમાં આજે પાણીનો ફોર્સ ઘટયો : સેકટરવાસીઓને ૨૦ દિવસ બાદ ચોખ્ખુ પાણી મળ્યુ : બોરના પાણીનો સપ્લાય વધારી દેવાયો

ગાંધીનગર તા ૨૦

શહેરમાં આજે છેલ્લા ૨૦ દિવસના અંતે સેકટરોમાં ચોખ્ખુ પાણી સપ્લાય કરવામાં આવ્યુ હતુ. અલબત્ત ડહોળા પાણીની સમસ્યા હલ કરવાનુ હજુ પણ તંત્રની પહોંચની બહાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે આજે પાણીના સપ્લાયમાં ૨૫ ટકા કાપ મકવામાં આવ્યો હતો. જેના પરિણામે પાણીમાં ટર્બિડીટીની સમસ્યાને ડામી શકાઈ હતી. જયારે પાણીનો ફોર્સ ઘટે નહી તે માટે તંત્ર દ્વારા વધુ ત્રણ કલાક સુધી બોર ચાલુ રાખવામાં આવ્યા હતા. જો કે નિયત પુરવઠા કરતા ઓછુ પાણી સપ્લાય કરવામાં આવતા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાની પણ બુમ ઉઠવા પામી હતી.

શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી ડહોળા પાણીની સમસ્યાએ ભરડો લીધો છે. રોજ સવાર પડતા જ સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ ઉઠતા તંત્રની ટીમ પણ કેનાલના પાણીમાં ટર્બિડીટી દુર કરવાની મથામણમાં લાગી ગઈ હતી. જો કે નર્મદા ડેમ ઓવરફલો થતા કેનાલ વિસ્તારમાં પાણીની હીલચાલ વધતા ડહોળાશનુ પ્રમાણ ખુબજ વધી ગયુ છે. આવા સંજોગોમાં રોજ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે ફિલ્ટરેશનના અંતે પાણીનો જરૂરી પુરવઠો સપ્લાય કરવાનુ કામ તંત્ર માટે મુશ્કેલ બનતા ડહોળા પાણીનો પ્રશ્ન જટીલ બન્યો હતો. આવા સંજોગોમાં પાણીને શુધ્ધ કરવા પાણી પુરવઠા બોર્ડ દ્વારા કેનાલમાં ખાસ પાવડરનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. પરંતુ તેના અંતે પણ પાણીમાં ટર્બિડીટીનુ પ્રમાણ ઘટયુ ન હતુ. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી સેકટરમાં બ્લેક વોટર આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો હતો. જેના પરિણામે તંત્ર દ્વારા આ વાતને ગંભીરતાથી લઈ બેઠક યોજવામાં આવી હતી. જેના અંતે ડહોળા પાણીની સમસ્યાને ડામવા માટે ગઈકાલે પાણીનો ફોર્સ ઘટાડી દેવાનો નિર્ણય લેવાયો હતો. જયારે આજે સેકટરોમાં રોજ કરતા ૨૫ એમ એલ ડી પાણી પુરવઠો ઓછો સપ્લાય કરવામાં આવ્યો હતો. જયારે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા સેકટરના બોર વધુ ત્રણ કલાક ચાલુ રાખવામાં આવ્યા હતા. પાણીનો ફોર્સ ઘટાડી દેવાતા ડહોળાશની સમસ્યા પણ હલ થઈ ગઈ હતી.

## ખૂણે ખાંચરેથી...

● વિધાનસભાના સોમવારથી શરૂ થતા ચોમાસુ સત્રને લઈ વિધાનસભા સચિવાલય અને સંકુલનો આજે માર્ગ-મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ રાઉન્ડ લીધો હતો.

● આજે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. ૧ થી ૪ની ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

● વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના ઉમેદવારીપત્રો ભરવાની વિધિમાં મુખ્યમંત્રી રૂપાણીએ હાજરી આપવાનું ટાળતાં સંકુલમાં તરેહ તરેહની વાતોએ સ્થાન લીધુ હતુ.

● સચિવાલયમાં સનદી અધિકારીઓની બદલીનો ગંજીફો માસાન્તે ચીપવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

● ગાંધીનગર જિલ્લાની ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિ સહિત વિવિધ બેઠકોમાં જિલ્લાનું તંત્ર આજે વ્યસ્ત રહ્યું હતું.

● સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે. ૧૭ ખાતે એક વૃક્ષ ધરાશયી થતાં સે. ૧૭માંથી બહાર નીકળવાનો રસ્તો બ્લોક થઈ જવા પામ્યો હતો.

● ગાંધીનગર જિલ્લાના ધારાસભ્ય શંભુજી ઠાકોરની ઉપાધ્યક્ષ તરીકે પસંદગી થતાં ગુડાના ચેરમેન આશિષ દવે, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વર્તમાન મેયર પ્રવિણ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય રમેશ ચૌધરી, દિલીપ પટેલ, પૂર્વ પ્રમુખ હીના પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, કેતન પટેલ, રમેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કાલુસિંહ રાઠોડ સહિતના આગેવાનો વિધાનસભામાં દેખાયા હતા.

ગાંધીનગર સમાચાર સાથે દિવાળીની મીઠાઈ પણ...

તા.૧ સપ્ટેમ્બરથી
ગેરન્ટેડ ગિફ્ટ યોજનાની
શુભ શરૂઆત

તા.૧.૯.૨૦૧૬ થી દિવાળી સુધીના
રૂ.૯૯ ના બીલની સામે
દિવાળીએ રૂ.૧૬૦ ના મૂલ્યની
Prem Ni Mithaas
મીઠાઈની ગેરન્ટેડ ગિફ્ટ

તા.૧.૯.૨૦૧૬ના ગાંધીનગર સમાચારમાં
પ્રથમ ગિફ્ટ કૂપન પ્રસિદ્ધ કરાશે.

તા. ૨૫.૧૦.૨૦૧૬ સુધીમાં
૫૫ કૂપન પ્રસિદ્ધ થશે.

તા. ૧.૯.૨૦૧૬ના અંકમાં
કૂપન ચોંટાડવાનું ફોર્મ પ્રસિદ્ધ થશે.

બધી જ કૂપન ચોટાડેલું
અધિકૃત ફોર્મ રજૂ કરવાથી
રાધેની રૂ.૧૬૦ના મૂલ્યની
મીઠાઈની ગેરન્ટેડ ગિફ્ટ
તા. ૨૫, ૨૬ અને ૨૭ ઑક્ટોબર
દરમિયાન વિતરણ થશે.

ગાંધીનગર સમાચાર
વાંચતા રહો અને નિયમિત
ગેરન્ટેડ ગિફ્ટ મેળવતા રહો...

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપના અખબાર વિતરક પાસેથી ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ...

PARAM